વિવિધ પેટ્રોલિયમ પેદાશો માટેની
પરીક્ષણ ફી યોજના અંગેની ચાલુ
બાબત માટે વર્ષ-૨૦૧૯-૨૦ની
વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
હુકમ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૮/૬૧૮૨૧૮/બ
અન્ન.નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો.વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/3/૨૦૧૯

**હુકમ:-**

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગની વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં વિવિધ પેટ્રોલિયમ પેદાશો માટેની પરીક્ષણ ફી યોજના માટે ટેબલમાં દર્શાવેલ બજેટ સદરમાં ચાલુ બાબત (Continuous Item)નો સમાવેશ કરવામાં આવેલ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | બજેટ સદર | સને ૨૦૧૯-૨૦ની જોગવાઇ |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| (૧) | માંગણી ક્રમાંક:- ૨૨-૩૪૫૬-00-૮00-0૪ વિવિધ પેટ્રોલિયમ પેદાશો માટેની પરીક્ષણ ફી યોજના. | રૂ. ૧૧.00/- |

વિભાગની રૂ.૧૧.00 લાખની જોગવાઈને નીચે જણાવેલ શરતોને અધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ યોજનાનો ખર્ચ તા.0૧/0૪/૨૦૧૯થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

//પાછળ//

(૬) પ્રસ્તુત કામે, ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર. એસપીઓ -૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા. ૨૨/૧૧/૨૦૦૬ અને તા.૮/૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ- . એસપીઓ -૧૦૨૦૦૫-૧૪૦૫-ચ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય, તો તે સરકારશ્રીનાં પ્રર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે. રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રર્વતમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ વહીવટી મંજુરી અન્વયેનો ખર્ચ ટેબલમાં દર્શાવેલ **બજેટ સદર માંગણી ક્રમાંકઃ- ૨૨-૩૪૫૬-૦૦-૮૦૦-૦૪ વિવિધ પેટ્રોલિયમ પેદાશો માટેની પરીક્ષણ ફી યોજના** હેઠળ અને **વર્ષ ૨૦૧૯-૨૦** ની મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે. આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૮/૩/૨૦૧૯ ના રોજ નાણા વિભાગની નોંધ યુ.ઓ. -૦૧થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અચલ સોની)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અન્ન, અને નાગરિક પુરવઠાની કચેરી, બ્લોક નં.૧૪/૬, સચિવાલય,ગાંધીનગર

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર

(૪) નાણાં સલાહકારશ્રી (અ.ના.પુ.), સચિવાલય, ગાંધીનગર

(૫) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, નાણાં વિભાગ, બ્લોકનં.૪, સચિવાલય, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સિલેકટ ફાઇલ

(૮) સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય,ગાંધીનગર